# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયું/પ્રવેશ/કાયદો/૨૦૧૬/૩૪૭ તા. ૧૯/૦૬/૨૦૧૬

<u>પરિપત્ર-૨૧</u>

## એલએલ. બી. પ્રથમ સેમેસ્ટર-પ્રવેશ અંગે સુચના

બાબત :- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે પ્રથમ વર્ષ એલએલ. બી માં સેમેસ્ટર-૧ ના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મુકવાની સૂચનાઓ/માર્ગદર્શક નિયમો અંગે.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે સંલગ્ન આ યુનિવર્સીટી વિસ્તારની લો કૉલેજના પ્રથમ વર્ષમાં સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સૂચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ કાયદા વિધાશાખા માટે :-

૧. કાયદા વિધાશાખામાં પ્રવેશ આપતી વખતે બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના વખતોવખતના પ્રવેશ સંબંધી નિયમોને આધારે જ પ્રવેશ આપવાનો રહેશે. બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. જો કોઈપણ નિયમનું ઉલ્લંઘન થશે તો સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજ/સંસ્થાની રહેશે.

૨. જે સ્નાતક થયેલ વિધાર્થી પ્રથમ વર્ષ એલએલ. બી માં પ્રવેશ મેળવવા માંગે છે તેવા અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની, પરત સ્વીકારવાની અને મેરિટ યાદીઓ મુકવાની અને ફી લેવાની વ્યવસ્થાની કાર્યવાહી કોલેજે કરવાની રહેશે.

3. આપની કૉલેજમાં વિદ્યાર્થીઓને જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બૉર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં ગત વર્ષ ૨૦૧૫-૧૬માં જેટલા વર્ગો હતા, તેમાં વધારો કે ઘટાડો યુનિ.ની મંજૂરી વગર કોઇપણ સંજોગોમાં કરી શકાશે નહીં.

૫. (અ) પ્રવેશ ફોર્મ કોલેજે છાપીને માત્ર રૂ. ૨૦/- કિમતે વિધાર્થીઓને આપવાના/વિતરિત કરવાના રહેશે.
(બ) પેમ્પલેટ,બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મની કિંમત રૂ. ૨૦/- થી વધારે લઇ શકશે નહિ.

૬. (અ) ફોર્મ પરત લેતી વખતે વિધ્યાર્થને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.
(બ) અંગ્રેજી, ગુજરાતી માધ્યમ માટે એ જ ફોર્મ વિધાર્થીઓ પાસે ભરાવવાનું રહેશે.

(ક) કોઈપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની નથી.

૭. ડીવીઝન દીઠ મહત્તમ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :

(અ) લો કોલેજ માટે : ૬૦ વિધાર્થીની સંખ્યા પ્રત્યેક ડીવીઝન દીઠ રહેશે.

૮. દરેક કૉલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે મુકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

(૧) મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

(૨) મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિધાથી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.

(3) મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

(૪) નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહીં.

(૫) પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવ્હાર કરવો નહી.

(૬) નિયમાનુસાર ડીવીઝન દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

૯. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુની.એ ઓબ્ઝર્વર નીમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું અનરોલમેન્ટ થશે નહી.

(૧) અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

(૨) જાતિનું પ્રમાણપત્ર ઇસ્યુ થવાનું બાકી હોય તો પ્રવેશ વખતે હંગામી પ્રવેશ આપી ૧૦ દિવસમાં " હંગામી " રજુ કરવાનો ખાતરી પત્ર લેવો. જો નિયત સમય મર્યાદામાં પ્રમાણપત્ર વિધાર્થી દ્વારા રજુ ન થાય તો તેનો પ્રવેશ આપોઆપ રદ્દ થશે.

(3) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે. એટલે કે માર્ચ ૨૦૧૬ પછીનું ક્રીમીલેયર સર્ટિફીકેટ લાવવાનું રહેશે.

(૪) પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કાર્ય બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ. ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

(૫) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| | |
|---|---|
| (ડ) અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન દીઠ |
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |
| (ગ) બિન અમાનત આર્થીક રીતે નબળા વર્ગો (UEWS) | ૧૦% |

(ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. તા. ૩૧/૦૮/૨૦૧૬ પછી માર્કસીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમેસ્ટરમાં ........................ કોલેજ " પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કસીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કસીટ પરત કરવી.

૧૨. જે ગુજરાત યુનિવર્સીટી સિવાયની અન્ય યુનિવર્સીટી માંથી સ્નાતક થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) સિવાય પ્રવેશ આપવો નહીં.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરૂં ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સીટીમાં મોકલવા નહીં.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. એનરોલ્મેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સીટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૫. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેલ (registrar@sggu.ac.in) પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ________ પ્રવેશ યાદી નં.________ કોલેજનું નામ________ માધ્યમ________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | સ્નાતક બેઠક નં./માર્કશીટ નં. | યુનિવર્સિટી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

અંગ્રેજી માધ્યમ/ગુજરાતી માધ્યમ માટે જો પ્રવેશના અલગ નિયમો હોય તો, આ નિયમોની નકલ અવશ્ય શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીને મોકલી મંજુરી લેવી. તે સિવાય અલગ નિયમો રાખવા નહીં.

૧૬. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સીટીને પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

(બ) દરેક કૉલેજ મેરીટ યાદી : ૧-૨ ........... મૂક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારવાનો આગળની યાદીના વિદ્યાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો, સાથે સાથે કેટલીક જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મૂકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૭. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી માં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૮. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેવો કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓજે માહિતી માંગે તે કોલેજઓએ આપવાની રહેશે.

૧૯. કોલેજમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ્દ થશે. આ સુચનાનો ચુસ્ત પણે અમલ કરવો. આ માટે જરૂરી કાર્યવાહી આચાર્યશ્રીએ કરવાની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


૨૦. માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત યુનિવર્સીટીના કોઈપણ પ્રતિનિધિ યુનિવર્સીટીના ઓથોરીટી પત્ર સાથે જે તે કોલેજનો સંપર્ક કરી એડમીશન અંગેની તપાસ કરશે તેમજ તે અંગેનો કોલેજનો રેકોર્ડ ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ બતાવવાનો રહેશે. તે અંગે જો કાર્યવાહીમાં કોઈપણ પ્રકારની ચૂક કરવામાં આવશે તો તે અન્વયેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

## <u>ફી સ્ટ્રક્ચર અંગે</u>

૧. ગ્રાન્ટેબલ કૉલેજો : ટ્યુશન ફી વર્ષ ૨૦૧૫-૧૬ અનુસાર રહેશે.

૨. ફી યુનિ.ના નિયમ પ્રમાણે ફરિજયાત લેવાની રહેશે. વધારે ફી લીધાની પુરાવા સાથેની લેખિત ફરિયાદ આવશે તો યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. ડીપોઝીટના સ્વરૂપમાં પણ કોઈ ફી લઇ શકશે નહી.

૩. સ્વનિર્ભર કૉલેજોમાં નિયત સંખ્યા કરતા એકપણ વિધાર્થી વધારે લેવામાં આવશે તો આવા વિધાર્થીઓની એનરોલમેન્ટની જવાબદારી યુનિ.ની રહેશે નહિ.

૪. અલગ અલગ નામે કોઈ વધારાની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહિ..

૫. ગ્રાન્ટેબલ કૉલેજોમાં જ્યાં કોમ્પ્યુટર વિષય ચાલે છે, ત્યાં યુનિ. ના નિયમ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતા વધારે ફી લઇ શકશે નહિ. અન્યથા યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે. યુનિ. માન્યતા વગર કોમ્પ્યુટર વર્ગો ચલાવી શકશે નહી.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઈપણ નામે યુનિવર્સીટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજની માન્યતા રદ થશે. આ માટે યુનિ.ની કોઈ જવાબદારી રહેશે નહી.

૭. તમામ કોલેજોએ સેમેસ્ટરદીઠ જ ફી લેવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહી

૮. ૬૨ વર્ષથી ઉપરના કોઈને પણ ડાયરેક્ટર, ઇન્ચાર્જ ડાયરેક્ટર તરીકે કોઈપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકશે નહી.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૯. સ્વનિર્ભર આર્ટસ કૉલેજો યુનિ.ની એફિલીએટેડ કૉલેજ હોઈ, ગ્રાન્ટેબલ કોલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ પડે છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટ્સ ટીચર વગેરે ગ્રાન્ટેબલ ધોરણે ફરજીયાત નીમવાના રહેશે. અન્યથા યુનિ. માન્યતા રદ કરવા સુધીના પગલા અચૂક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના/યુનિ.ના ધારા-ધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૧૦. જે સ્વનિર્ભર કોલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઇન્ટેક કેપેસીટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

૧૧. પ્રવેશનું સમયપત્રક આર્ટસમાં એકસાથે જ અમલમાં મૂકવાનું છે. કટ ઓફ માર્ક્સ દર્શાવતો ચાર્ટ નોટીસ બોર્ડ પર અચૂક મૂકવો.

૧૨. યુનિવર્સીટી દ્વારા નિયત કરવામાં આવે ફી સ્ટ્રક્ચર સંલગ્ન કોલેજોને હવે પછી પરિપત્ર દ્વારા જણાવવામાં આવશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા

નકલ સાદર રવાના -

૧. કાયદા વિદ્યાશાખાની કૉલેજના આચાર્યશ્રી તરફ જાણ તથા કાર્યવાહી સારું

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારું.